# વાપી મહાનગરપાલિકા-વાપી

**૩૯૬૧૯૧, તા- વાપી, જી- વલસાડ**

**(ઘરવેરા શાખા) ( જાહેર નિવિદા નં.૦૧)**

## પ્રોપર્ટી ટેક્ષ વળતર યોજના

વાપી મહાનગરપાલિકા વિસ્તારના તમામ મિલકત ધારકોને જણાવવાનું કે વાપી મહાનગરપાલિકા દ્વારા મંજુર થયેલ રિબેટ અને દંડની યોજના મુજબ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ નો પ્રોપર્ટી ટેક્ષ તા.૦૧/૦૬/૨૦૨૬ થી તા.૩૦/૦૬/૨૦૨૬ સુધીમાં પાછલી તમામ બાકી રકમ સાથે એડવાન્સ ભરપાઈ કરવાથી ૫% વળતર આપવામાં આવશે. તથા વેબસાઈટ vapicity.in પરથી ઓનલાઈન વેરો ભરનારને વધારાનું ૧% વળતર આપવામાં આવશે. જૂન-૨૦૨૬ થી માર્ચ-૨૦૨૭ સુધીમાં ઓનલાઈન વેરો ભરનારને ૧% વળતર મળવાપાત્ર છે. જે તમામ વળતર શિક્ષણ ઉપકર સિવાયના વેરાઓ ઉપર આપવામાં આવશે. ચાલુ વર્ષની બાકી રકમ ઉપર તા.૦૧/૧૦/૨૦૨૬ થી નિયમોનુસાર વ્યાજ લાગુ પડશે. પ્રોપર્ટી ટેક્ષમાં વળતરની આ યોજનાનો મિલકત ધારકોને લાભ લેવા જણાવવામાં આવે છે.

**સહી/-**

**નાયબ મ્યુનિસિપલ કમિશનર**

**વાપી મહાનગરપાલિકા-વાપી**

**નં. માહિતી/વલસાડ/૧૨૪/૨૦૨૬**